**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# વિદ્યાર્થીઓના શાળાકીય વાતાવરણનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

**છાયલ પટેલ**

રિસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ**

પ્રત્યેક રાષ્ટ્રની પ્રગતિનો આધાર તે રાષ્ટ્રની શિક્ષણ પ્રણાલીની ગુણવત્તા પર નિર્ભર હોય છે. શિક્ષણને સામાજીક અને આર્થિક પરીવર્તન માટેનું મહત્વનું સાધન ગણવામાં આવે છે. નેશનલ એજ્યુકેશન પોલીસી-૨૦૨૦ માં વય શ્રેણીને અનુરૂપ, તેમના વિકાસના વિવિધ તબક્કાઓ પર વિદ્યાર્થીઓની વિકાસલક્ષી જરૂરિયાતો અને રુચિઓને અનુરૂપ બનાવવા માટે શાળા શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રના માળખાને ફરીથી ગોઠવવામાં આવશે તેવુ સ્પષ્ટપણે જાણવા મળે છે અને તેમાં અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રનું માળખું અને શાળા શિક્ષણ માટે અભ્યાસક્રમ માળખાને ૫+૩+૩+૪ ડિઝાઇન દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વર્તમાન સમયમાં શિક્ષણનો આશય સમાજના સભ્યોને સમાજમાં રહેવા માટે લાયક બનાવવાનો છે. તેથી શિક્ષણની આજની પદ્ધતિ બાળકને એક જાગૃત ક્રિયાશીલ અંગ તરીકે સ્વીકારે છે. જૂના વખતમાં બાળકે માત્ર એક શ્રોતા તરીકે ભાગ ભજવવાનો હતો પણ આજે એણે જાતે જ બધુંજ શીખવાનું છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સારી ત્યારે જ મળે જ્યારે તેનું વ્યક્તિત્વ સુગ્રથિત હોય, અધ્યયન દ્વારા સુગ્રથિત વ્યક્તિત્વ વિકસાવી શકાય છે. તેથી ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર શાળાકીય વાતાવરણની શી અસર પડે છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો:**

શૈક્ષણિક સિદ્ધિ, શાળાકીય વાતાવરણ, અભ્યાસ, ધોરણ-૯, પાટણ

## ૧. પ્રસ્તાવના

શૈક્ષણિક સિદ્ધિ પ્રેરણાની જેમ જ શિક્ષણ પ્રક્રિયા સાથે સંકળાયેલ મહત્વપૂર્ણ સંકલ્પના છે. સરળ શબ્દોમાં કહીએ તો વિદ્યાર્થીઓ જે સંકલ્પના અને અધ્યયન અભિગમો પણ શૈક્ષણિક સિદ્ધિ માટે અસરકારક પરિબળ બની શકે છે. વિદ્યાર્થીએ શિક્ષણની પ્રક્રિયા સાથે સંકળાયેલ અભિન્ન અંગ છે. પરંતુ વિદ્યાર્થી પર શાળાના વાતાવરણની અસર થતી હોય છે. આ બાબતની અસર વિદ્યાર્થીના કાર્યસંતોષ અને અસરકારકતા પર થાય છે. જેની વિદ્યાર્થીઓની સિદ્ધિ પર પ્રત્યક્ષ અસર થાય છે જેથી સંશોધકે નીચેના સંશોધનને અગ્રતા આપી હતી. પ્રસ્તુત અભ્યાસમાં પાટણ જિલ્લાની પાટણ તાલુકાની સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓમાં ભણતાવિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો શાળાકીય

વાતાવરણના સંદર્ભમાં અભ્યાસ હાથ  ધરી હતીજે માટે સંશોધકે સમસ્યા પસંદ કરેલી.

## ૨.    પૂર્વ થયેલા સંશોધનોની સમીક્ષા

પી. એસ. કેશવાન (૨૦૦૯): પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (૧) સ્વરચિત સાંવેગિક બુદ્ધિ સંશોધનિકા, (૨) થોમસ આર્મસ્ટ્રોંગ દ્વારા રચિત બહુવિધ બુદ્ધિ સંશોધનિકા (૩) વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માટે ટકાવારી (૪) ડો. એસ. એમ, મોષસિન દ્વારા રચિત સામાન્ય બુદ્ધિ કસોટી (૫) સ્વરચિત વિજ્ઞાન વિષયની સિદ્ધિ કસોટી (૬) સ્વરચિત વોચનરૂપી સંશોધનિકા

સુહાગકુમાર એમ. પટેલ (૨૦૧૫): (૧) મોટા ભાગના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં હતાં, (૨) મોટાભાગના વિદ્યાર્થીઓ મધ્યમ કક્ષાની બુદ્ધિ ધરાવતાં હતાં, (૩) મોટાભાગનાં વિદ્યાર્થીઓ મધ્યમકક્ષાની સિદ્ધિ ધરાવતા હતા.

અબ્દુલકાર અલ હુસેન (૨૦૦૯) (૧) છોકરાઓ કરતો છોકરીઓની શારીરિક શક્તિનો સ્વખ્યાલ વધુ ઉચ્ચ કક્ષાન જોવા મળ્યો હતો. (૨) શૈક્ષણિક શક્તિના સ્વખ્યાલો અને સામાન્ય સ્વખ્યાલો વચ્ચે નોંધપાત્ર સહસંબંધ જોવા મળ્યો હતો. (૩) વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વ્યક્તિના સામાન્ય સ્વખ્યાલની અસર જોવા મળી નથી પરંતુ બુદ્ધિ પર સિદ્ધિની અસર જોવા મળી હતી.

વિલિયર્સ (૨૦૦૬): (૧) દક્ષિણ કેફ્ની પ્રાથમિક શાળાઓમાં સંગઠનાત્મક વાતાવરણ અને સંગઠનાત્મક સ્વાસ્થ્ય વિશેના શિક્ષકોના દ્રષ્ટિકોણ વચ્ચે નોંધપાત્ર સબંધ જોવા મળ્યો છે. (૨) સંગઠનાત્મક વાતાવરણ અંગેની તેમની ધારણાને લઈને સધર્ન કેપમાં પ્રાથમિક શાળાના શિક્ષકો વચ્ચે મજબૂત સંબંધ જોવા મળ્યો છે. તેથી ખુલ્લી આબોહવા, શાળાનું સંગઠનાત્મક વાતાવરણ જેટલું આરોગ્યપ્રદ જોવા મળ્યું છે

રોડ્રિગ્સ  જી. (૨૦૧૧): (૧) કર્મચારીઓની ઉંમર અને લાયકતોના સંદર્ભમાં કોલેજના પુસ્તકાલયોમાં કોઈ નોંધપાત્ર તફાવત નથી. (૨) સંગઠનાત્મક આબોહવા, આંતરવ્યક્તિત્વ સબંધો અને કામગીરી મૂલ્યાંકન માર્ગદર્શન પરિબળના સંદર્ભમાં કોલેજના ત્રણ જૂથોમાં નોંધપાત્ર તફાવત છે.

ફ્રીબર્ગ અને સ્ટેઈન (૧૯૯૯): પ્રસ્તુત સંસોધન માં જે કર્મચારીના સભ્યોની કાર્યકારી વાતાવરણ પ્રત્યેની દ્રષ્ટિકોણ સાથે કામ કરે છે.  આ વાતાવરણ મેનેજમેંટ દ્વારા સીધી રીતે પ્રભાવિત છે જે તમે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આખા સ્ટાફની પ્રેરણાને અસર કરે છે. આબોહવા એ પ્રમાણમાં ટકાઉ ગુણવત્તા છે જે શિક્ષકો દ્વારા અનુભવાય છે, તેમના વર્તનને પ્રભાવિત કરે છે, અને તેમની સામૂહિક દ્રષ્ટિકોણ પર આધારિત છે.

## ૩. સંશોધનના હેતુઓ

- વિદ્યાર્થીઓના શાળાકીય વાતાવરણનો અભ્યાસ કરવો.
- વિદ્યાર્થીઓના શાળાકીય વાતાવરણનો જાતિના સંદર્ભમાં અભ્યા્સ કરવો.
- વિદ્યાર્થીઓના શાળાકીય વાતાવરણનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૪. ઉત્કલ્પનાઓ

૧. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓએ શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

૨. ધોરણ—૯ના કુમાર અને કન્યાઓએ શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

## ૫. અભ્યાસના ચલો

પસ્તુત સંશોધન અન્વયે પસંદ કરવામાં આવતા વ્યક્તિ, જૂથ કે પર્યાવરણના કોઈ પણ પરિવર્તનશીલ લક્ષણને ચલ તરીકે પસંદ કરવામાં આવશે. આ ચલના પાંચ પ્રકાર તથા પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ આ દરેક ચલની માહિતી અત્રે રજૂ કરવામા આવી છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે....

(અ) વિસ્તાર: (૧) ગ્રામ્ય અને (૨) શહેરી.

(બ) જાતિ: (૧) કુમાર અને (૨) કન્યા

શૈક્ષણિક સિદ્ધિ પર સંશોધનિકા તૈયાર કરી તેની અસરકારકતા ચકાસવા માટે શાળામાં પ્રાયોગિક પરિસ્થિતિનું નિર્માણ કરી તેનો અમલ કરવામાં આવેલ હતો. આ દ્રષ્ટિએ પ્રસ્તુત સંશોધન પાટણ તાલુકા આવેલ ગુજરાતી માધ્યમની ગ્રાન્ટેડ શાળા શાળાઓ પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પાટણ તાલુકાની ગ્રાન્ટેડ શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં ધોરણ-૯ના

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો શાળાકીય વાતાવરણની અસર જાણવા પ્રાયોગિક સંશોધન છે.

નિદર્શનનું સ્વરૂપ (નમૂના પસંદગી)

| જાતિ | ગ્રામીણ | શહેરી | સંખ્યા |
|---|---|---|---|
| વિદ્યાર્થીની(કન્યા) | ૧૧૮ | ૧૮૮ | ૩૦૬ |
| વિદ્યાર્થી (કુમાર) | ૪૮ | ૨૫૨ | ૨૯૦ |

### ૬. સંશોધન પદ્ધતિ

શાળાકીય વાતાવરણના માપન માટે ડો. કરૂણાશંકર મિશ્રા રચિત સંશોધનિકાનું ગુજરાતી અનુવાદ કરીને તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સર્વેક્ષણ સંશોધન પદ્ધતિની સંકલ્પના સર્વેક્ષણનો શાબ્દિક અર્થ 'નિહાળવું કે એકંદર પરિસ્થિતિનું અવલોકન કરવું' એવો થાય છે. સામાન્યતઃ મંતવ્યો કે માન્યતાઓનો અભ્યાસ સ્વાભાવિક પરિસ્થિતિમાં કરવામાં આવે છે.

(પ્રતિચારોનું ગુણાંકન)

| | હંમેશા | વારંવાર | કોઈકવાર | ઘણું ઓછું | ક્યારેય નહિ |
|---|---|---|---|---|---|
| વિધાન | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |

### ૭. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધનમાં ઉત્કલ્પનાઓની રચના કર્યા બાદ તે ઉત્કલ્પનાઓની ચકાસણી, મળેલ માહિતીને પૃથક્કરણ અને અર્થઘટન દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસના હાર્દ સમા ઉત્કલ્પનાઓની ચકાસણી કરી અભ્યાસના તારણો મેળવવામાં આવ્યા છે.


Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- ઉત્કલ્પના-૧: ધોરણ: ૯ના કુમાર અને કન્યાટઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે મળેલ માહિતીનું અર્થઘટન કરી તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું જે સારણીમાં દર્શાવેલ છે.

ધોરણ: ૯ના કુમાર અને કન્યાાઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો દર્શાવતી સારણી

| વિષય | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| કુમાર | ૧૪૯ | ૧૮૧.૨૨ | ૨૪.૭૦ | ૨.૭૪ | ૨.૭૨ |
| કન્યાો | ૧૫૧ | ૧૮૮.૬૮ | ૨૨.૫૮ | | |




ધોરણ: ૯ના કુમાર અને કન્યા ઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો દર્શાવતીદર્શાવતો સ્તંભાલેખ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઉપરોક્ત સારણી અને આલેખ પરથી ફલિત થાય છે કે કુમાર અને કન્યાના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે ૧૮૧.૨૨ અને ૧૮૮.૬૮ જોવા મળે છે. જેનું પ્રમાણ વિચલન અનુક્રમે ૨૪.૭૦ અને ૨૨.૫૮ જોવા મળે છે. તેમના વચ્ચેના તફાવતનું ટી-મૂલ્ય ૨.૭૨ છે. જે ૦.૦૫ કક્ષાના સારણી મૂલ્ય ૦.૦૧ કરતા વધારે છે. આથી શૂન્ય ઉત્કલ્પાનાનો અસ્વીકાર થાય છે.

આથી સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ તારણને આધારે કહી શકાય કે કુમાર અને કન્યા ના અભિપ્રાયોમાં સમાનતા જોવા મળતી નથી. એટલે કે કુમાર અને કન્યાવઓએ શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.


- ઉત્કલ્પના- ૨: ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા ધોરણ—૯ના વિદ્યાર્થીઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે મળેલ માહિતીનું અર્થઘટન કરી તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું જે સારણી-૪.૨ માં દર્શાવેલ છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા ધોરણ—૯ના વિદ્યાર્થીઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો દર્શાવતી સારણી

| વિષય | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૨૧૯ | ૧૮૨.૯૪ | ૨૪.૫૮ | ૨.૮૯ | ૨.૬ |
| શહેરી | ૦૮૧ | ૧૯૦.૪૮ | ૨૧.૧૯ | | |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા ધોરણ—૯ના વિદ્યાર્થીઓમાં શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો દર્શાવતો

ઉપરોક્ત સારણી અને આલેખ પરથી ફલિત થાય છે કે ગ્રામ્ય અને શહેરીના પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે ૧૮૨.૯૪ અને ૧૯૦.૪૮ જોવા મળે છે. જેનું પ્રમાણ વિચલન અનુક્રમે ૨૪.૫૮ અને ૨૧.૧૯ જોવા મળે છે. તેમના વચ્ચેના તફાવતનું ટી-મૂલ્ય ૨.૬ છે. જે ૦.૦૫ કક્ષાના સારણી મૂલ્ય ૦.૦૧ કરતા વધારે છે. આથી શૂન્ય ઉત્કલ્પાનાનો અસ્વીકાર થાય છે.

આથી સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ તારણને આધારે કહી શકાય કે ગ્રામ્ય અને શહેરી સ્કૂલોના અભિપ્રાયોમાં સમાનતા જોવા મળતી નથી. એટલે કે ગ્રામ્ય અને શહેરી માટે શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે.

## ૮. સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના પ્રથમ પ્રકરણમાં જે ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી છે, તેની ચકાસણી કરીને ગત પ્રકરણમાં કરેલ પૃથક્કરણ અને અર્થઘટનને આધારે પ્રસ્તુત અભ્યાસ પરથી ફલિત થતા તારણો આ પ્રમાણે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- ધોરણ-૯ના વિદ્યાર્થીઓમાં કુમાર અને કન્યાપઓએ શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે, એટલે કે કુમાર અને કન્યા એમ બંનેના અભિપ્રાયોમાં સમાનતા જોવા મળતી નથી.
- ગ્રામ્ય અને શહેરી માટે શાળાકીય વાતાવરણ કસોટી પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે. તેથી ગ્રામ્ય અને શહેરી સ્કૂલોના અભિપ્રાયોમાં સમાનતા જોવા મળતી નથી.

## ૯. ઉપસંહાર

ધોરણ ૯ ના વિદ્યાર્થીઓના શાળાકીય વાતાવરણનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ" શીર્ષક હેઠળ એકત્રીત કરેલ માહિતી અને તેના પૃથક્કરણને આધારે મેળવેલ તારણો, સુધારાવાદી સૂચનો અહી રજૂ કરવામાં આવેલ છે. તેમજ પ્રસ્તુત વિષયને સંદર્ભ તરીકે રાખી અન્ય સંશોધન કરી શકાય તેવા ભાવિ સંશોધન માટેના સૂચનો પણ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## સંદર્ભસૂચિ

કેશવાન, પી. એસ. (૨૦૦૯), ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સામાજિક, આર્થિક દરજ્જો અને શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ, તમિલનાડુ: પેરીયાર યુનિવર્સિટી

ચૌહાણ, અલ્પેશભાઈ પી. (૨૦૧૮), આત્મ વિશ્વાસ અને તેને અસર કરતા પરિબળો, નવી દિલ્હી: રેડ સાઈન પબ્લિકેશન

પટેલ, સુહાગકુમાર એમ. (૨૦૧૫), ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો તેમની બુદ્ધિ અને સિદ્ધિ પ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ, અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી

રોડ્રિગ્સ, જી. (૨૦૧૧), કોલેજની પ્રોફેશનલ લાઈબ્રેરીઓ અને માહિતી કેન્દ્રો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત છે કે કેમ તે અંગેનો સંશોધન અભ્યાસ, મેડગ્લોર યુનિવર્સિટી

વિલિયર્સ, (૨૦૦૬), સધર્ન કેપ યુનિવર્સિટીમાં શાળા વાતાવરણ અંગે ની ધારણા પર એમ.એડ માટેનું સંશોધન કાર્ય, યુનિવર્સિટી ઓફ સાઉથ આફ્રિકા

હુસેન, અબ્દુલકાર અલ (૨૦૦૯), યુનાઇટેડ આરબ અમિરાતના ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ના સામાન્ય અને શૈક્ષણિક સ્વસંકલ્પનાનો શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક-આર્થિક દરજ્જે, બુદ્ધિ અને જાતિના સંદર્ભમાં અભ્યાસ, યુનિવર્સિટી ઓફ હોલ, ઇંગ્લેન્ડ

Chandra, S.S. and R.K. Sharma (2004), Research in Education, Atlantic Publishers & Distributors (P) Limited

Guruvaiah, Katta (2021), "Academic Achievement Motivation Of Slow Learners In Relation To Gender, Parental Education And Family Income" In International Journal Of Multidisciplinary Educational Research-5.16 (2.286): 113-117

Pathak, R.P. (2008), Methodology of Educational Research, Atlantic Publishers & Distributors (P) Limited.